For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ભાયલી ફાયરિંગ કેસનો ભેદ ઉકેલાયો, દારૂની મહેફિલ માણનાર છ આરોપીની ધરપકડ

# 'રિવોલ્વર ચાલે છે?' તેમ કહી મિત્રોએ ઉશ્કેરતા મેહુલ ગઢવીએ નશામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું

**અશ્વમેઘ** એવન્યુની ઓફિસમાંથી ફાયરિંગ કરતા અરેના 48 ના બે ફ્લેટમાં ગોળી ઘુસી

**બે પરિવાર** સહિત સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ભાયલી ખાતે પ્રિયા સિનેમા ચાર રસ્તા નજીક આવેલા એરીના-48 ફ્લેટમાં થયેલા બે રાઉન્ડ ફાયરિંગના ગંભીર બનાવનો વડોદરા ગ્રામ્ય પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. દારૂની પાર્ટી દરમિયાન રિવોલ્વર ચાલુ છે તેમ કહી ઉશ્કેરતા અમદાવાદના મેહુલ ગઢવીએ બારીમાંથી સામેની સાઈડ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સ્થાનિક પોલીસ અને એલસીબી, એસઓજી સહિતની વિવિધ ટીમમાં એક્શનમાં આવી 6 આરોપીઓની ધરપકડ કરી છે.

પ્રાથમિક માહિતી મુજબ ગોત્રી વિસ્તારમાં પ્રિયા ટોકીઝ પાસે આવેલા અરેના 48 ફ્લેટ માં રાત્રિના સમયે ફ્લેટ નંબર 201 અને 301 માં ફાયરિંગ થયું હતું જેના પગલે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રૂમના કાચના સ્લાઈડર પર બહારથી ગોળી વાગતા જાનથી મારી નાખવાના પ્રયાસની ઘટના બની હતી. બનાવની જાણ થતાં જ પોલીસ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. એલસીબી, એસઓજી અને વડોદરા તાલુકા પોલીસની અલગ-અલગ ટીમોએ સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગોળી નજીક આવેલી અશ્વમેઘ એવન્યુ બિલ્ડિંગમાંથી છોડવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. એફએસએલની મદદથી લેઝર સહિતના સાધનો વડે તપાસ કરતાં ચોથા માળે આવેલી ઓફિસ નંબર-08 અને 09 શંકાના દાયરામાં આવી હતી. વધુ તપાસમાં જાણવા મળ્યું કે આ ઓફિસમાં છ મિત્રો વિદેશી દારૂની મહેફિલ માણી રહ્યા હતા.

પોલીસની પૂછપરછમાં ખુલાસો થયો કે મહેફિલ દરમિયાન થયેલી ઉશ્કેરાટભરી બોલાચાલી વચ્ચે મેહુલ મહેન્દ્ર ગઢવી (રહે. સોકલી ગામ, તા. વિરમગામ, જિ. અમદાવાદ)એ પોતાની પાસે રહેલી રિવોલ્વરમાંથી ફાયરિંગ કર્યું હતું. તે ગોળી નજીકના એરીના-48 ફ્લેટમાં જઈ પહોંચી હતી. પોલીસે જણાવ્યું કે ઘટનાસમયે ઓફિસમાં કુલ છ વ્યક્તિ હાજર હતી. સમગ્ર મામલે આરોપીને ઝડપી લઈ અન્ય હાજર લોકોની ભૂમિકા અંગે પણ વધુ તપાસ ચાલુ છે.



### આરોપીઓના રિમાન્ડ મેળવવાની કાર્યવાહી

ભાયલીમાં ફ્લેટ પર ફાયરિંગ બાદ પોલીસે CCTV, ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે તપાસ કરી હતી. તપાસમાં નજીકની અશ્વમેઘ એવન્યુની ઓફિસમાંથી ગોળી ચલાવવામાં આવી હોવાનું સામે આવ્યું. પોલીસે મેહુલ મહેન્દ્રભાઈ ગઢવીને ફાયરિંગ કરનાર તરીકે ઝડપી પાડ્યો છે. જ્યારે મહેફિલમાં છ આરોપીઓ સામે પણ દારૂની મહેફિલ અને અન્ય ગુનાઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે પિસ્તોલ, બે મેગેઝીન અને ચાર કારતુસ કબજે કર્યા છે. આરોપીઓની વધુ પૂછપરછ કરવા માટે રિમાન્ડ મેળવવાની પણ તજવીજ હાથ ધરાઈ છે. - **સુશીલ અગ્રવાલ,** એસપી વડોદરા ગ્રામ્ય

### દારૂની મહેફિલ દરમિયાન પિસ્ટલ ચાલુ હોવાના પુરાવા આપવા અમદાવાદના યુવકે ફાયરિંગ કર્યું

ગોત્રી વિસ્તારમાં થયેલા ફાયરિંગ કેસમાં પોલીસે સીસીટીવી, ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે તપાસ કરતાં ગોળી નજીક આવેલી અશ્વમેઘ એવન્યુ બિલ્ડિંગના ચોથા માળેથી છોડાઈ હોવાનું બહાર આવ્યું. એફએસએલની મદદથી તપાસ બાદ ઓફિસ નં. ૮ અને ૯ સુધી પોલીસ પહોંચી હતી. પૂછપરછમાં જાણવા મળ્યું કે ઓફિસમાં શક્તિસિંહ રાણા અને તેના મિત્રો વિદેશી દારૂની મહેફિલ માણી રહ્યા હતા. દરમિયાન મિત્રોએ મેહુલ ગઢવી ને તારે પિસ્તોલ બંધ છે તેમ કહી આવ્યો હતો ત્યારે આ મેહુલ ગઢવીએ થયેલી ઉશ્કેરાઈ મેહુલ મહેન્દ્ર ગઢવીએ પિસ્તોલ ચાલુ હોવાના પુરાવા આપવા માટે પોતાની રિવોલ્વરમાંથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

### સંજય દવે સામે મર્ડર સહિતના અન્ય ગુના, બીજા આરોપીઓના પણ ગુનાહિત ભૂતકાળ ચકાસાશે

ગોત્રીમાં થયેલા ફાયરીંગના બનાવમા પોલીસ દ્વારા ત્વરીત કાર્યવાહી કરી ફાયરીંગ કરનાર આરોપીને ઝડપી પાડી તેના વિરૂધ્ધ ફાયરીંગ વિથ ખુનની કોશીષનો ગુનો તેમજ ગેરકાયદેર વિદેશી દારૂનો ડેફી પીણાનો નશો કરી મહેફીલ માણતા 6 ઇસમો વિરૂધ્ધ અલગથી વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં અલગ અલગ-2 ગુનાઓ દાખલ કરી તપાસની કાર્યવાહી કરી છે. જેમા સંજય દવે વિરુદ્ધ મર્ડર સહિતના પણ નોંધાયા છે તેવી જ રીતે અન્ય આરોપીઓ પણ કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે નહીં તેની તપાસ શરૂ કરાઈ છે.

### મહેફીલ માણતા આરોપીઓ

**(૧) શકિતસિંહ વનરાજસિંહ રાણા** રહે. ૫૦૧, પાંચમા માળે, કોર્ટ યાર્ડ ટાવર, સેવાસી ચોકડી પાસે, ગોત્રી, વડોદરા શહેર

**(૨) મેહુલભાઈ મહેન્દ્રભાઈ ગઢવી** રહે. સોકલી ગામ તા.વીરમગામ જી.અમદાવાદ

**(3) સંજયભાઈ રમેશચંદ્ર દવે** રહે. સી-૧૭, રાધેશ્યામ ડુપ્લેક્ષ, નારાયણ વિદ્યાલયની સામે, કારેલીબાગ, વડોદરા

**(૪) વિજયકુમાર ચંદુલાલ ભારવાડી** રહે. ૧૦૧, આકૃતી એપાર્ટમેન્ટ, અગ્રસન ભવનની ગલી, ગોદી રોડ, દાહોદ

**(૫) દિપક શંભુનાથ ઝા** રહે. એ/૭૦૩, રાધેશ્યામ ઇલાઇટ, ગ્રીન ફીલ્ડ-03, ની સામે, ભાયલી તા.જી.વડોદરા

**(૬) ઈન્દ્રજીતસિંહ અનિરૂધ્ધસિંહ વાઘેલા** હાલ રહે. સોકલી ગામ, તા.વીરમગામ જી.અમદાવાદ મુળ રહે. હુડકો ક્વાર્ટર, કોઠારીયા રોડ, રાજકોટ

### સાઇટ પર સુરક્ષા સાધનો વિના કામ કરતાં શ્રમિકો

# સયાજી હોસ્પિટલની નિર્માણ સાઈટના નવમા માળેથી પટકાતા શ્રમિકનું મોત

**પોલીસે** તપાસ શરૂ કરી, જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની ઉઠી માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્પિટલ પરિસરમાં નિર્માણાધીન એમ.સી.એચ. બિલ્ડિંગના નવમા માળેથી પટકાતા 29 વર્ષીય શ્રમિક જગંદુ ચૌહાણનું મોત નીપજ્યું છે. ઘટનાએ નિર્માણ સ્થળે સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિકોમાં અને શ્રમિક વર્ગમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, થોડા દિવસો અગાઉ પણ આ જ સાઈટ પર સુરક્ષા સાધનો વિના શ્રમિકો કામ કરતા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. તેમ છતાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા અમલમાં ન આવતા આ દુર્ઘટના બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અગાઉ પણ એક મહિલા શ્રમિક નીચે પટકાયાની ઘટના સામે આવી હતી. નવમા માળે કામ કરતા શ્રમિકો માટે સુરક્ષા બેલ્ટ, સેફ્ટી નેટ સહિતના જરૂરી સાધનો ઉપલબ્ધ હતા કે નહીં તે હવે તપાસનો વિષય બન્યો છે.

ઘટના બાદ પીઆઈયુ વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. પ્રાથમિક તબક્કે ઘટનાના કારણોને લઈને અલગ-અલગ દાવા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ સયાજી હોસ્પિટલના આરએમઓ ડો. હિતેન્દ્ર ચૌહાણે સમગ્ર મામલો તપાસાધીન હોવાનું જણાવ્યું છે. હાલ રાવપુરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. જોકે, આ ઘટનાએ નિર્માણ સાઈટ પર શ્રમિકોની સુરક્ષા અંગે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ વધુ પ્રબળ બનાવી છે.

## આગામી બે દિવસ સુધી ભારે વરસાદની ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

હવામાન વિભાગે વડોદરામાં આગામી બે દિવસ ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. 4 જુલાઈએ અતિભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે, જ્યારે 5 જુલાઈએ પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે.

છેલ્લા 24 કલાકમાં શહેરમાં વરસાદ નોંધાયો નહોતો. જોકે, મહત્તમ તાપમાન 31.6 ડિગ્રી નોંધાતા ગરમીમાં આંશિક રાહત મળી હતી. આ તાપમાન સામાન્ય કરતાં 2.7 ડિગ્રી ઓછું રહ્યું હતું. લઘુત્તમ તાપમાન 27.4 ડિગ્રી અને સવારે ભેજનું પ્રમાણ 80 ટકા નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ 6થી 9 જુલાઈ દરમિયાન પણ ગાજવીજ સાથે વરસાદી માહોલ યથાવત રહેશે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાન 31થી 33 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 27થી 28 ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે.

### બોર્ડની ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાના પરિણામ જાહેર

## SSCમાં ૩૩.૦૫, HSC વિજ્ઞાનમાં ૨૭.૩૫ અને સા. પ્રવાહમાં ૬૦.૮૬ ટકા પરિણામ

**બોર્ડ** પરીક્ષામાં ફરી કુમારોને પાછળ છોડ્યા, સામાન્ય પ્રવાહ રહ્યું સૌથી આગળ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શક્યા ન હતા અથવા ગુણ સુધારવા માંગતા હતા, તેમના માટે યોજાયેલી આ પરીક્ષાના પરિણામો બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર મુકાયા હતા.

વડોદરામાં ધોરણ 10 માટે કુલ 26 કેન્દ્રો અને 252 બ્લોકમાં 8,555 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જ્યારે ધોરણ 12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના 15,328 વિદ્યાર્થીઓ 20 કેન્દ્રો અને 195 બ્લોકમાં પરીક્ષા આપી ,કુલ 46 બિલ્ડીંગો અને 447 બ્લોકમાં મળીને કુલ 23,883 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી અનુસાર ધોરણ 10ની પૂરક પરીક્ષાનું કુલ પરિણામ 33.05 ટકા નોંધાયું છે. આ પરીક્ષા આપેલા 93,321 વિદ્યાર્થીઓ પૈકી 30,845 ઉમેદવારો પરીક્ષામાં સફળ થયા છે. બીજી તરફ ધોરણ 12 સામાન્ય પ્રવાહનું પરિણામ 60.86 ટકા આવ્યું છે. અહીં નોંધાયેલા 33,944 ઉમેદવારોમાંથી કુલ 20,658 પરીક્ષાર્થીઓ પાસ થયા છે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા આપનારા 16,120 વિદ્યાર્થીઓમાંથી 4,411 વિદ્યાર્થીઓ પાસ થયા છે, જેના પગલે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 27.36 ટકા રહ્યું છે. કેન્દ્રવારી-માર્ચ 2025ની નિયમિત પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વર્ષ બગાડ્યા વિના આગળ વધવાની તક આપતી આ પૂરક પરીક્ષાના ત્રણેય પરિણામોમાં કન્યાઓએ ચઢિયાતું પ્રદર્શન કરીને બોર્ડ પરીક્ષામાં પોતાની સરસાઈ જાળવી રાખી છે.

### વિજેતા ઉમેદવારની લીડનો રેકોર્ડ જાળવી રાખવો ભાજપ માટે પડકાર

## માંજલપુર પેટાચૂંટણી : ભાજપના ગઢમાં જ્ઞાતિવાદનું ફેક્ટર સપાટી પર આવશે

**વિપક્ષો** પણ સોગઠા ગોઠવવામાં સક્રિય બન્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકના વરિષ્ઠ ધારાસભ્ય સ્વ. યોગેશ પટેલના દુઃખદ અવસાન બાદ આ બેઠક પર પેટાચૂંટણીનો સત્તાવાર પ્રારંભ થઈ ચૂક્યો છે. આ પેટાચૂંટણી જાહેર થતાં જ વડોદરાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને તમામ પક્ષો પોતાની વ્યૂહરચના ગોઠવવામાં વ્યસ્ત બન્યા છે. ખાસ કરીને આ વખતની ચૂંટણીમાં માંજલપુર બેઠક પર જ્ઞાતિ આધારિત સમીકરણો કેવો ભાગ ભજવશે તે ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે.

ભૂતકાળના ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૧૨માં નવા સીમાંકન બાદ અસ્તિત્વમાં આવેલી માંજલપુર બેઠક હંમેશાં ભાજપનો ગઢ રહી છે. અત્યાર સુધી યોજાયેલી મુખ્ય ત્રણ સામાન્ય ચૂંટણીઓમાં ભાજપની જીતનું માર્જિન સતત વધતું ગયું છે. ગત ટર્મમાં ભાજપના દિગ્ગજ નેતા સ્વ. યોગેશ પટેલે કોંગ્રેસના ઉમેદવારને મ્હાત આપીને ૧ લાખથી પણ વધુ મતોની ઐતિહાસિક સરસાઈ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. તેમની લોકપ્રિયતા અને મતદારો પર પકડ એટલી મજબૂત હતી કે વિપક્ષો માટે આ ગઢ ભેદવો અશક્ય જેવો હતો.

જોકે, હવે આ આખીય પરિસ્થિતિ બદલાઈ છે. 'યોગેશ કાકા' તરીકે લોકપ્રિય નેતાની ગેરહાજરીમાં આ પેટાચૂંટણી યોજાઈ રહી હોવાથી, અહીં જ્ઞાતિવાદનું ફેક્ટર ફરી સપાટી પર આવી શકે છે. માંજલપુર મતવિસ્તારમાં પાટીદાર, ઓબીસી, બ્રાહ્મણ અને મરાઠી સહિતના વિવિધ જ્ઞાતિના મતદારો નોંધપાત્ર સંખ્યામાં છે. ભાજપ આ ગઢ જાળવી રાખવા માટે કોઈ મજબૂત અને સર્વસ્વીકૃત ચહેરાની શોધમાં છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ આ આડકતરી તકનો લાભ ઉઠાવી સ્થાનિક જ્ઞાતિ સમીકરણોને આધારે ઉમેદવાર મેદાને ઉતારવા સક્રિય બન્યા છે.

રાજકીય વિશ્લેષકોના મતે, આ વખતે ભાજપ પોતાના વિજયી માર્જિનને ટકાવી રાખવા માટે જ્ઞાતિનું સંતુલન જાળવવું પડશે. ઉમેદવારની પસંદગીમાં કઈ જ્ઞાતિને પ્રાધાન્ય મળે છે તેના પર ચૂંટણીના પરિણામોનો મોટો આધાર રહેશે. ટૂંકમાં, વર્ષોથી એકતરફી રહેતી માંજલપુરની લડાઈ આ વખતે જ્ઞાતિના સમીકરણો અને નવા ચહેરાઓ વચ્ચે ખૂબ જ રસપ્રદ અને પ્રતિષ્ઠાભરી બની રહેશે.

## આજથી સહાયકો અને મદદનીશ શિક્ષકો માટે જિલ્લા આંતરિક બદલી કેમ્પ શરૂ

**એકવાર** શાળા પસંદ કર્યા બાદ હુકમ રદ નહીં થાય; આખી નોકરીમાં માત્ર 2 વખત જ બદલીનો લાભ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષક સહાયકો અને મદદનીશ શિક્ષકો માટે જિલ્લા આંતરિક બદલીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા તમામ ડીઈઓને ઓફલાઈન કેમ્પ યોજવા સૂચના અપાઈ છે.

4 જુલાઈથી બદલીની કાર્યવાહી શરૂ થશે અને 16 જુલાઈ 2026 સુધીમાં બદલીના ઓર્ડર આપી દેવાશે સમગ્ર પ્રક્રિયા ઓફલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. 4 જુલાઈએ 1 જુલાઈ, 2026ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગતો શાળા મારફત તમામ શિક્ષકોને જાણ કરાશે. 7 જુલાઈ સુધીમા બદલી ઈચ્છુક શિક્ષકોએ આચાર્ય મારફત અરજી કરવાની રહેશે. 10 જુલાઈ સુધીમાં કામચલાઉ મેરિટ યાદી' પ્રસિદ્ધ થશે. 13 જુલાઈ સુધીમાં વાંધા-અરજી સ્વીકારાશે. 14 જુલાઈએ આખરી મેરિટ યાદી' જાહેર થશે. 16 જુલાઈએ આખરી મેરિટ યાદી અને ખાલી જગ્યા મુજબ બદલીના હુકમો અપાશે. શિક્ષકો પોતાની સ્વેચ્છાથી શાળા પસંદ કરતા હોવાથી, એકવાર ઓર્ડર થયા પછી કોઈ પણ સંજોગોમાં તે રદ થઈ શકશે નહીં. બદલીના હુકમ થયા બાદ સંબંધિત શાળાના આચાર્ય અને ડીઈઓ એ શિક્ષકને 7 કાર્યકારી દિવસમાં ફરજિયાતપણે છૂટા કરવાના રહેશે. દિવ્યાંગો માટેની ખાસ ભરતી પ્રક્રિયા ચાલુ હોવાથી, તે ખાલી જગ્યાઓ કેમ્પમાં દર્શાવાશે નહીં. સમગ્ર નોકરી દરમિયાન વધુમાં વધુ બે વખત જ આંતરિક બદલીનો લાભ મળશે અને એકવાર લાભ લીધા પછી સામાન્ય સંજોગોમાં આગામી 3 વર્ષ સુધી પુનઃ અરજી કરી શકાશે નહીં.

### રેલવે સ્ટેશનથી રથયાત્રાના માર્ગોનું ઉચ્ચ અધિકારીઓએ જાતે વિઝિટ કરી

## ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે વડોદરા પોલીસ એક્શનમાં, સમગ્ર રૂટનું નિરીક્ષણ

**સુરક્ષા,** ટ્રાફિક અને ભીડ નિયંત્રણ માટે યોગ્ય પ્લાનિંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરામાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેર પોલીસ તંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગયું છે. રથયાત્રા શાંતિપૂર્ણ, સુમેળભર્યા અને સુરક્ષિત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા વ્યાપક સુરક્ષા આયોજન શરૂ કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ રથયાત્રાના સમગ્ર રૂટનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું.

પોલીસ કાફલાએ રથયાત્રાના પ્રારંભિક સ્થળ રેલવે સ્ટેશનથી નિરીક્ષણ શરૂ કરી સમગ્ર રૂટની મુલાકાત લીધી હતી. આ દરમિયાન માર્ગોની સ્થિતિ, સંવેદનશીલ વિસ્તારો, ભીડ નિયંત્રણની વ્યવસ્થા તેમજ ટ્રાફિક પરિસ્થિતિની ઝીણવટપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. પગપાળા અને વાહનો મારફતે કરવામાં આવેલા નિરીક્ષણમાં રૂટ પરની દરેક મહત્વની જગ્યાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણમાં જોઈન્ટ પોલીસ કમિશનર, તમામ ડીસીપી, એસીપી તેમજ રથયાત્રાના રૂટ હેઠળ આવતા તમામ પોલીસ સ્ટેશનના પી.આઈ. સહિતના અધિકારીઓ જોડાયા હતા. સુરક્ષા વ્યવસ્થામાં કોઈપણ પ્રકારની કચાસ ન રહે અને રથયાત્રા દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેના માટે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

પોલીસ તંત્રના જણાવ્યા મુજબ મોટી સંખ્યામાં ઉમટનારા ભક્તોને સુરક્ષિત વાતાવરણમાં ભગવાન જગન્નાથજીના દર્શન થઈ શકે, ટ્રાફિકનું અસરકારક નિયમન જળવાઈ રહે અને સમગ્ર રથયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે તમામ તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. આગામી દિવસોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા આયોજન કરાયુ છે.

## ચૂંટણીતંત્ર કમર કસી : ૧૮ નોડલ અધિકારીઓની નિમણૂક, વિવિધ સમિતિઓની રચના કરાઈ

**મુક્ત,** ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી સુનિશ્ચિત કરવા તંત્રની સૂચના

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

ભારતના ચૂંટણી પંચ દ્વારા 145-માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી જાહેર થતાં જ વડોદરા જિલ્લા વહીવટી તંત્રે ચૂંટણીની તૈયારીઓ યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ચૂંટણી પ્રક્રિયા પારદર્શક, મુક્ત અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. સાથે જ ચૂંટણીલક્ષી કામગીરી માટે 18 નોડલ અધિકારીઓની નિમણૂક કરી તેમને અલગ-અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ મેનપાવર મેનેજમેન્ટ, તાલીમ, ચૂંટણી સામગ્રી, પરિવહન, EVM-VVPAT મેનેજમેન્ટ, કોમ્પ્યુટરાઈઝેશન, આદર્શ આચારસંહિતાના અમલ તથા ચૂંટણી ખર્ચ નિરીક્ષણ સહિતના વિભાગો માટે અધિકારીઓ નિયુક્ત કરાયા છે. તમામ અધિકારીઓ પોતાના વિભાગમાં ચૂંટણી પ્રક્રિયાનું



સુચારૂ સંચાલન કરશે.

નિમણૂક બાદ જિલ્લા કલેક્ટરે અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણી દરમિયાન કાયદો-વ્યવસ્થા જાળવવા, આદર્શ આચારસંહિતાનો કડક અમલ કરાવવા તથા દરેક કામગીરીમાં ચોકસાઈ રાખવા સૂચના આપી હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર બી.એસ. પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર રાજપૂત, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુહાની કેલૈયા, પ્રતિપ્રેષક અધિકારી ગીતાબેન દેસાઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આગામી દિવસોમાં ચૂંટણીના વિવિધ તબક્કા માટે વધુ આયોજન હાથ ધરાશે.

### વડોદરા પરથી સંભવિત પાણી કાપનો ખતરો ટળ્યો

## આજવામાં નર્મદાના નીરથી શહેરીજનોને મોટી રાહત, સપાટી ૨૦૭ ફૂટ વટાવી ગઈ

**ચોમાસું** ખેંચાતા ઘટેલા જળસ્તરને પગલે પાલિકાએ લીધો હતો નર્મદાનું પાણી ખરીદવાનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત આજવા સરોવરના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થતાં મહાનગરપાલિકા અને શહેરવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ચોમાસાની ધીમી શરૂઆત અને વરસાદની ખેંચને કારણે સરોવરનું પાણી ચિંતાજનક રીતે ઘટી જતાં શહેરમાં સંભવિત જળસંકટની સ્થિતિ સર્જાઈ હતી. જોકે વડોદરા મહાનગરપાલિકાના આગોતરા આયોજન અને નર્મદાના પાણીની વ્યવસ્થાને કારણે હવે આજવા સરોવરનું જળસ્તર વધીને 207 ફૂટે પહોંચી ગયું છે.

આ વર્ષે વરસાદના અભાવે વર્ષ 2018 પછી પ્રથમ વખત આજવા સરોવરનું જળસ્તર ઘટીને 205 ફૂટ સુધી પહોંચી ગયું હતું. પરિણામે શહેરમાં પાણી કાપ અથવા પીવાના પાણીની અછતની સંભાવના ઊભી થઈ હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકાએ તાત્કાલિક વૈકલ્પિક આયોજન હાથ ધર્યું અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ પાસેથી નર્મદાનું પાણી મેળવવાની મંજૂરી મેળવી હતી.

મંજૂરી મળ્યા બાદ 20 જૂનથી નર્મદા મુખ્ય કેનાલમાંથી આજવા સરોવર તરફ પાણી છોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. હાલ દરરોજ અંદાજે 300 મિલિયન લીટર (MLD) નર્મદાનું પાણી સરોવરમાં ઠાલવવામાં આવી રહ્યું છે. સતત પાણી છોડવાના પરિણામે માત્ર થોડા દિવસોમાં જ સરોવરનું જળસ્તર બે ફૂટ વધીને 207 ફૂટે પહોંચી ગયું છે.

જળસ્તરમાં થયેલા આ વધારાથી વડોદરા મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગને પણ મોટી રાહત મળી છે. હવે શહેરના પૂર્વ, દક્ષિણ સહિત વિવિધ વિસ્તારોમાં નિયમિત પાણી પુરવઠો જાળવી શકાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. પાલિકાના આ આગોતરા આયોજન અને નર્મદાના પાણીની વ્યવસ્થાથી હાલ પૂરતું વડોદરા શહેર પર મંડરાતું જળસંકટ ટળી ગયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં વરસાદ સારો રહે તો આજવા સરોવરનું જળસ્તર વધુ વધવાની પણ શક્યતા છે.

## જિલ્લા પંચાયતની વિવિધ સમિતિમાં પણ હવે મહિલાઓનો દબદબો

**મહિલા** સમિતિનું સુકાન પુરુષ સભ્યને સોંપાતા રાજકીય ગરમાવો વ્યાપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા જિલ્લા પંચાયત ખાતે વિવિધ સમિતિઓના ચેરમેનોની સત્તાવાર વરણી કરવામાં આવી છે. જિલ્લા પંચાયતની કારોબારી બેઠકમાં પ્રદેશ સંગઠનના મેન્ડેટ મુજબ સાત સમિતિઓના અધ્યક્ષોની બિનહરીફ પસંદગી કરવામાં આવી હતી. આ નિમણૂકોમાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે પ્રથમ વખત પુરુષ સભ્યની પસંદગી થતાં આ નિર્ણય ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

કારોબારી સમિતિના ચેરમેન તરીકે કૈરવીબા વાઘેલા, શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ભૂમિકાબેન સોલંકી અને બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે નેહાબેન બારોટની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. નિયમ મુજબ અપીલ સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ જવાબદારી સંભાળશે.

મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે રાજવીર પરમારની નિમણૂક ઐતિહાસિક માનવામાં આવી રહી છે. અત્યાર સુધી આ સમિતિનું નેતૃત્વ સામાન્ય રીતે મહિલા સભ્યોને સોંપવામાં આવતું હતું. શરૂઆતમાં આ નિર્ણયને લઈને સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે મતભેદ તેમજ રાજવીર પરમારે પદ સ્વીકારવા અંગે અનિચ્છા દર્શાવી હોવાની ચર્ચા હતી. જોકે પક્ષના અંતિમ મેન્ડેટ બાદ તેમણે પદ સ્વીકારી લીધું હતું. નવા ચેરમેનોની નિમણૂક બાદ જિલ્લા પંચાયતના વહીવટી અને વિકાસલક્ષી કાર્યોને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. તમામ નવા અધ્યક્ષોએ પક્ષના નેતૃત્વનો આભાર વ્યક્ત કરી ગ્રામ્ય વિસ્તારોના વિકાસને પ્રાથમિકતા આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.